"NO DRUGS IN SURAT CITY"ના પોલીસના દાવા વચ્ચે

મુંબઈનો યોગેશ ઇંગ્લે સુરતમાં દર મહિને 100 કરોડનું ડ્રગ્સ ઠાલવે છે

35 લાખથી વધુના ડ્રગ્સ સાથે એઓજીના હાથે ઝડપાયેલા આસિફ શેખની કબૂલાત

સુરતઃ શહેરના એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ) દ્વારા ડ્રગસ સંપતિ યાન "NO DRUGS IN SURAT CITY" અંતર્ગત મહત્વની સફળતા મળી હોવાના દાવા વચ્ચે સુરતમાં દર મહિને 100 કરોડનું એમડી ડ્રગ્સ ઠલવાતું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતના આદેશ અનુસાર અન્ય રાજ્યોમાંથી ડ્રગ્સની હેરાફેરી રોકવા માટેની કડક કાર્યવાહી વચ્ચે પોલીસે મહારાષ્ટ્રના મુંબઈથી મેફેડ્રોન ડ્રગ્સ લાવી સપ્લાય કરતા એક ઈસમને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી 352 ગ્રામ ક્રિસ્ટલ ડ્રગ્સ પોલીસના હાથમા આવી ગયું છે. પોલીસના હાથે પકડાયેલા પેડલરે પોલીસને જણાવ્યું હતું કે આ ડ્રગ્સમાં મિક્સિંગ કરી 1100 રૂપિયા પ્રતિગ્રામના હિસાબે તેનું વેચાણ કરવામાં આવે છે. મુંબઈથી યોગેશ ઇગલે નામનો ઇસમ અને તેની ગેંગ સુરતમાં જ દર મહિને 100 કરોડનું નુ એમડી ઠાલવી રહ્યા છે. સુરત ઉપરાંત અમદાવાદ અને વડોદરામાં પણ અહીંથી ડ્રગ્સ સપ્લાય કરવામાં આવી રહ્યું છે.

સુરતમા જેટલા પણ એમડીના કેસ થાય છે તે તમામમા મોટે ભાગે આ યોગેશનુ નામ આવી રહ્યું છે. દરમિયાન આ આખું ઓપરેશન અતુલ સોનારા દ્વારા પાર પાડવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ રીતે કરાયું ઓપરેશન

એસઓજીને બાતમી મળી હતી કે અડાજણ વિસ્તારના સ્ટાર બજાર પાસે મોહંમદ આસીફ અબ્દુલરસીદ શેખ (ઉ.વ. 40, મૂળ ઉત્તર પ્રદેશ,બાંદા) મુંબઇથી વેચાણ માટે મેફેડ્રોન ડ્રગ્સ લઇને આવ્યો છે. જેથી પોલીસે તેને ઝડપી પાડી તેની પાસેથી રૂપિયા 35,20,700ની કિંમતનું 352.070 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કબજે લીધું હતું. આરોપીએ મોજશોખ માટે ડ્રગ્સની હેરાફેરી શરૂ કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તેની સામે NDPS અધિનિયમ હેઠળ અડાજણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે. ડ્રગ્સ સપ્લાય કરનારા મુંબઈના યોગેશ ઈંગલે વોન્ટેડ જાહેર કર્યો છે.

એમડીના વેચાણનું નવું સરનામું હવે સ્પા છે

આરોપી આસીફની પૂછપરછમા તેણે જણાવ્યું કે હાલમા એમડી વેચવાની તરકીબ બદલવામા આવી છે. હવે જયાં દેહનો વેપાર થઇ રહ્યો છે તેમાં મોટે ભાગે વ્યસની લોકો આવતા હોય છે તે સ્થળે તેઓ હાલમા આ ધંધો કરવામાં આવી રહ્યો છે. એમડીનું વેચાણનું નવુ સરનામુ હવે સ્પા છે. શહેરના સ્પામા હવે એમડીનુ વેચાણ કરવામા આવી રહ્યું છે. હાલમા પોલીસની કડકાઇને કારણે પેડલરો એમડીથી દૂર ભાગી રહ્યા છે. ત્યારે હવે સ્પા પેડલરો માટે સેફ હેવન બની ગયુ છે. સ્પામા સરળતાથી સંચાલકોને એક લાખ કે તેથી વળતર એમડીમા મળે છે. તેથી સ્પા સંચાલકો આ તગડો નફાની લાલચમા આ ધંધો કરી રહ્યા હોવાની વિગત જણાવી હતી.

પેડલર બનો અને બે લાખ કમાવ

મુંબઇમા હાલમા પેડલર બનવા માટે પડાપડી છે, તેમા સીધા સાધા દેખાતા લોકોને શોધવામા આવે છે. આ લોકોને એક લાખથી પાંચ લાખ જેટલી રકમ આપવામા આવે છે. દરમિયાન આસીફને બે લાખ રૂપિયા એક આંટાના આપવામા આવતા હતા. આમ પેડલરમા લાખ્ખો રૂપિયાની કમાણી હોવાને કારણે છેલ્લા એક વર્ષથી તે આ આ ધંધો કરી રહ્યો હોવાની વિગતો પોલીસને જણાવી છે .

મહારાષ્ટ્ર પોલીસની બેદરકારી કે પછી કરોડોનું સેક્શન

હાલમાં એમડી ડ્રગ્સમા જેટલા પણ પેડલરો પકડાઇ રહ્યા છે તે તમામમાં કોમન નામ યોગેશ ઇંગ્લેનુ આવી રહ્યુ છે. વર્ષે દહાડે યોગેશ જ પચાસ કરોડનુ ડ્રગ્સનો ધંધો કરી રહ્યો છે. મુંબઇ અને મહારાષ્ટ્રમા હવે નાણા કમાવવા માટે એમડી સેફ હેવન છે. તેમા મહારાષ્ટ્ર પોલીસના મોટા કરપ્શનને કારણે સુરત અને ગુજરાત તથા દેશભરમા સરળતાથી એમડીની હેરફેર થઇ રહી છે. આવતા દિવસોમા આ ધંધામા કરોડોનો નફો છે ત્યારે ફરીથી ગેંગવોરના એંધાણો ગતિમાન થયા છે. ગુજરાત સરકાર દ્વારા આ મામલે મહારાષ્ટ્ર તથા મુંબઇ પોલીસને વારંવાર તાકીદ કરવામા આવી છે પરંતુ સરળતાથી એમડી મુંબઇમા બની પણ રહ્યુ છે અને વેચાઇ પણ રહ્યુ છે.

અઠવાગેટના નીલગગન એપાર્ટમેન્ટમાં ધોળે દિવસે ૨.૨૩ લાખ ચોરી

પતિનું ઘૂંટણનું ઓપરેશન હોવાથી દંપતી પુત્રીના ઘરે વેસુ રોકાયું હોવાથી ઘર બંધ હતું

સુરતઃશહેરના અઠવાગેટ ખાતે આવેલા નિલગગન એપાર્ટમેન્ટમાં રહેતી વૃદ્ધાના ઘરે ત્રાટકેલા તસ્કરો કબાટમાંથી રોકડા રૂપિયા અને દાગીના મળી કુલ રૂપિયા ૨.૨૩ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેથી આ મામલે વૃદ્ધાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણયા ચોર ઈસમ સામે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉમરા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના અઠવાગેટ નિલગગન બિલ્ડિંગ બી વિંગ ફ્લેટ નં-સી-૮માં રહેતા ૮૨ વર્ષીય લતા પ્રશ્વનભાઈ શ્રોફના ફલેટમાં ગઈ તારીખ ૭ ઓક્ટોબરના રોજ સવારે સાતથી બપોરના ચાર વાગ્યા સુધીમાં તસ્કરો ત્રાટક્યા હતા. મુખ્ય દરવાજા આગળની લાકડાની જાળીનો તેમજ મુખ્ય દરવાજાનો નકુચો લોક સાથે તોડી અંદર ઘૂસેલા તસ્કરો બેડરૂમના લાકડાના અને લોખંડના કબાટમાંથી રોકડા ૧૫૦૦ અને સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૨,૨૩,૫૦૦ના મતાની ચોરી કરી નાસી ગયા હતા. બનાવ સંદર્ભે ઉમરા પોલીસે લતાબેન શ્રોફની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે લતાબેનના પતિનું ઘુંટણનું ઓપરેશન કરાવ્યું હોવાથી દંપતિ વેસુમાં રહેતી તેની દીકરીના ઘરે રોકાયા હતા. જેથી આ તકનો લાભ ઉઠાવી તસ્કરોએ હાથફેરો કરી નાશી છૂટયા હતા.

ગાર્ડન વિભાગની કામગીરી માટે વિકેન્દ્રીકરણનો મનપા કમિશનરનો આદેશ હજુ કાગળ પર જ!

કમિશનરે એક માસ પહેલા આદેશ કર્યો હોવા છતા મહેકમ વિભાગે ઓર્ડર ઇસ્યુ નહીં કરતા અસમંજસની સ્થિતિ

સુરતઃ સ્વચ્છતામાં નંબર-1 બનેલા સુરતમાં છેલ્લા ઘણાં મહીનાઓથી ગાર્ડન વેસ્ટ મુદ્દે ભારે અરાજકતાનો માહોલ છે. ઝોન અને ગાર્ડન વિભાગ વચ્ચે ચાલતું ચલક-ચાલણું વધી રહ્યું હોવાથી મનપા કમિશનર શાલિની અગ્રવાલે એક મહિના પહેલા શહેરના ગાર્ડન અને શાંતિકુંજની મેઈન્ટેનન્સની કામગીરીની જવાબદારી ઝોનને સોંપી દીધી હતી. જેના પગલે ગાર્ડન વિભાગના વડાએ જે તે ઝોનમાં કર્મચારીઓ અને મશીનરી ફાળવવા માટે નોંધ પણ આપી દીધી હતી. મહેકમ વિભાગે કમિશનરના સત્તાવાર આદેશ બાદ ગાર્ડન વિભાગના વડા ગજેન્દ્ર ચૌહાણે સુરત મનપાના દરેક ઝોનને ગાર્ડન વિભાગ હસ્તકના કર્મચારીઓ, મશીનરી ફાળવણી માટેના ઓર્ડર કરી દીધા હતા. આ સાથે નોંધમાં સાત દિવસમાં જાહેર બાગ બગીચા વિભાગ તથા ગાર્ડન પ્રોજેક્ટ સેલના તમામ કર્મચારીઓ-અધિકારીઓને તેમના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કામગીરી જે કોઈ રેકર્ડ હોય તે જે તે ઝોનમાં જમા કરાવવા માટેની સૂચના પણ આપવામાં આવી હતી. જો કે, મહેકમ વિભાગ દ્વારા ગાર્ડન વિભાગના વડાની નોંધના એક મહિના બાદ પણ ગાર્ડન વિભાગના કર્મચારીઓને છુટા કરવા માટે અને નવી કામગીરી સોંપવા માટે ઓર્ડર કરવામા આવ્યા નથી, જેના કારણે ગાર્ડનની કામગીરી માટે વિકેન્દ્રીકરણ કરવાનો નિર્ણય હાલ પુરતો કાગળ પર જ જોવા મળી રહ્યો છે.

ઝોનના કાર્યપાલક ઇજનેરોમાં કચવાટ, વિકેન્દ્રીકરણ ટાળવા રજૂઆતની તૈયારી

સુરત મનપા કમિશનર દ્વારા ગાર્ડન વિભાગની કામગીરીના વિકેન્દ્રીકરણ બાબતે જે નિર્ણય લેવાયો, તેના કારણે અગાઉથી જ વધુ પડતું કાર્યભારણ ધરાવતા ઝોનના તંત્ર પર વધારાની જવાબદારી આવી છે. ઝોનના ઇજનેરો, રસ્તા, ગટર, સ્ટ્રીટલાઇટ, ડીવાઇડર, દબાણો, કાયદેસર અને ગેરકાયદે બાંધકામો સહીતની અનેક જવાબદારીથી દબાયેલા છે. ત્યારે ગાર્ડનના વધુ એક ભારણથી કચવાટની લાગણી જોવા મળી રહી છે. દરમિયાન કાર્યપાલક ઇજનેરો દ્વારા આ વિકેન્દ્રીકરણને ટાળવા મનપા કમિશનર સમક્ષ રજુઆત થાય તેવી શકયતા છે.

પાંડેસરાની પાંચ વર્ષીય માસૂમ બાળકી ભેદી તાવને કારણે મોતને ભેટી

સુરતઃ પાંડેસરામાં 5 વર્ષિય બાળકીનું તાવના કારણે મોત નીપજ્યાની વિગતો જાણવા મળી છે. હોસ્પિટલમાંથી મળતી માહિતી અનુસાર પાંડેસરા પુનિત નગરમાં પ્રકાશ પ્રધાન પત્ની પરિવાર સાથે રહે છે. પરિવારમાં પત્ની ઉપરાંત બે સંતાન છે. પ્રકાશ પ્રધાનના સંતાનો પૈકી પાંચ વર્ષીય લગ્નાને ત્રણેક દિવસથી તાવ આવતો હતો. શરૂઆતમાં સ્થાનિક ક્લિનિકમાંથી દવા લીધી હતી. ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાઈ હતી. ત્યારબાદ રાત્રે તેને વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

બાળાઓ પણ પરંપરાગત ખેલૈયાના વેશમાં ઝૂમી રહી છે

નવરાત્રિ દરમિયાન યૌવન ઢોલના તાલે સમગ્ર શહેરમાં ઝુમતું જોવા મળી રહ્યું છે ત્યારે વરાછા વિસ્તારમાં નાની બાળકીઓ પણ આ રીતે પરંપરાગત વસ્ત્રો પહેરીને ગરબામાં જોવા મળી રહી છે. **(તસવીર : સતીષ જાદવ)**

અહો આશ્ચર્યમ્! મનપા દ્વારા લેવાયેલા ફૂડના 2223 નમૂના પૈકી માત્ર એક સેમ્પલ અનસેઇફ મળ્યું

સુરતઃ એક બાજુ શહેરમાં નકલી પનીર, ઘી અને અન્ય ખાદ્યપદાર્થો પકડાઇ રહ્યા છે. ત્યારે બીજી બાજુ મનપા દ્વારા એક વર્ષમાં લેવાયેલા 2200થી વધુ નમૂના પેકી આશ્ચર્યજનક રીતે માત્ર એક નમૂનો ફેઇલ જતાં ફૂડ વિભાગની કામગીરી સામે આશ્ચર્ય સર્જાયું છે. મનપાના ચોપડે નોંધાયેલી વિગતો મુજબ સપ્ટેમ્બર-૨૦૨૩થી ઓગસ્ટ-૨૦૨૪ દરમિયાન હોટલ, રેસ્ટોરન્ટ્સ, મીઠાઇ-ફરસાણની દુકાનો, ફાસ્ટ ફૂડની લારીઓ-કેબિનો, ખાદ્યપદાર્થોની દુકાનોમાંથી કુલ ૨૨૨૩ નમૂના પબ્લિક હેલ્થ લેબમાં મોકલવામાં આવ્યા હતા. જે પૈકી ૭ નમૂના મિસ બ્રાન્ડેડ, ૧૩૨ નમૂનાઓ સબસ્ટાન્ડર્ડ, જ્યારે માત્ર ૧ નમૂનો અનસેઇફ જાહેર થયો છે. મિસબ્રાન્ડેડ, સબ સ્ટાન્ડર્ડના ૧૩૮ કેસમાં કાયદેસરની કાર્યવાહી કરી ૩ લાખ રૂપિયાનો દંડ વસૂલાયો છે. જ્યારે અનસેઇફ નમૂનાના કિસ્સામાં મ્યુનિસિપિલ કોર્ટમાં કેસ દાખલ કરાયો છે.

ચેક રિટર્નના કેસમાં હરિયાણાના કાપડ વેપારીને એક વર્ષની કેદ

સુરતઃ ચેક રિટર્નના કેસમાં કોર્ટે હરિયાણાના વેપારીને કસૂરવાર ઠેરવીને એક વર્ષની કેદ અને ચેકની રકમ ચૂકવી દેવા હુકમ કર્યો હતો.

ફરિયાદી મુકુંદ શંભુલાલ જરીવાલા ખટોદરામાં પાવરલુમ્સનું ખાતું ધરાવે છે. આરોપી સિદ્ધાર્થ સુમન મહેરા(રહે. હરિયાણા) છે. સિદ્ધાર્થ હરિયાણામાં કાપડનો વેપાર કરે છે. આરોપી સિદ્ધાર્થે જાન્યૂઆરી 2023થી 30 માર્ચ 2023 દરમિયાન ફરિયાદી પાસેથી 38.46 લાખ રૂપિયાનું કાપડ ખરીદ્યું હતું. તેના પેમેન્ટની ચૂકવણી માટે આરોપીએ ચેક આપ્યા હતા. ચેક રિટર્ન થતા ફરિયાદીએ એડવોકેટ નિમેષ પી.દલાલ મારફત આરોપી સિદ્ધાર્થ વિરુદ્ધ સુરતની કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. કેસ ચાલી જતા કોર્ટે એડવોકેટ નિમેષ પી.દલાલની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ 38.46 લાખ રૂપિયા 30 દિવસમાં વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

અઝરબૈજાનના બોગસ વિઝા તો ઠીક પ્લેનની ટિકિટ પણ બોગસ બનાવી 40 વિદ્યાર્થી સાથે ઠગાઈ

વિઝા કન્સલ્ટન્સી મારફતે ખોટા દસ્તાવેજોના આધારે ઠગાઇ કરતો વિશાલ વઘાસિયા ઝડપાયો

સુરતઃ શહેરના સાયબર ક્રાઇમ વિભાગે એક મોટા વિઝા કન્સલ્ટન્સી ગોટાળાનો પર્દાફાશ કર્યો છે. જેમાં શાઇન ઇમિગ્રેશન નામની કન્સલ્ટન્સી ચાલાવતો ઇસમ ખોટા બેંક સ્ટેટમેન્ટ અને નોકરીના બોગસ લેટર્સ બનાવી વિઝા અપાવવા માટે લોકોને છેતરતો હતો. પોલીસના રેડ દરમિયાન આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરી રહેલા ઇસમોને ઝડપી લેવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ કેસમાં મુખ્ય આરોપી વિશાલ કાંતીલાલ વઘાસિયા (ઉ.વ. 32.,રહે.,જાનકી રેસિડેન્સી, જહાંગીરપુરા) સુરતનો રહેવાસી, વિઝા કન્સલ્ટન્સી ચલાવતો હતો. આ આરોપી અને તેના સાગરિતોએ વિઝા મેળવવા માટે કસ્ટમરો પાસેથી ખોટા બેંક સ્ટેટમેન્ટ અને જુદી જુદી બેંકોના બોગસ સીલ તૈયાર કરી અને તે દસ્તાવેજોનો ઉપયોગ કરીને વિઝા પ્રક્રિયામાં લોકોને છેતર્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, વિશાલ અને તેની ટીમના અન્ય સભ્યોને પોતાના ગ્રાહકો માટે વધુ બેલેન્સ બતાવવા માટે બોગસ બેંક સ્ટેટમેન્ટ બનાવવામાં નિષ્ણાત હતી.

વધુમાં, અઝરબૈજાન જેવા દેશોમાં નોકરીઓ મેળવવાના ખોટા ઓફર લેટર્સ અને નકલી ફ્લાઇટની ટિકિટો પણ કસ્ટમરોને આપી છેતરપિંડી આચરવામાં આવતી હતી. પોલીસની રેડ દરમિયાન, ઓફિસમાંથી અનેક ખોટા બેંક દસ્તાવેજો, ચેકબુક અને ફોર્મ મળ્યા છે.

આ સાથે અન્ય બે આરોપીઓ રણજીત કુમાર(કલ્યાણ,મુંબઈ) અને નિશાંતકુમાર(મોરગામ) પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે, પરંતુ તેઓ હાલ ફરાર છે.

આઇલવયુ પીડીએફ વેબસાઇટ ઉપર બોગસ સ્ટેટમેન્ટ બનાવતા હતા

આરોપીઓએ i love pdf વેબસાઈટમાં જઈ એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં એડિટિંગ કરતા હતા. તેમાં વધુ બેલેન્સ બતાવી તેની પ્રિન્ટ કાઢી તેમાં પોતે અલગ અલગ બેંકમાં રાઉન્ડ સીલ બનાવ્યા હતા. અને તે રાઉન્ડશીલ મારી તેની ઉપર મેનેજર તરીકે પોતે બોગસ સહી કરતા હતા. બાદમાં આ ફાઈલો બનાવી સ્ટુડન્ટ્સને આપતા હતા.

મોરાના નિશાંત મારફત સંપર્ક થયો હતો

મે 2024 માં વિશાલનો મોરાના નિશાતકુમાર મારફતે મુંબઈના રણજીત સાથે સંપર્ક થયો હતો.જે રણજીત કુમાર પાસે કંપનીના બોગસ જોબ લેટર અને ફ્લાઇટની ટિકિટ કરાવતો હતો રવિ ગ્રાહકો પાસે 3.50 લાખ ચાર્જ લઈ તેમાંથી 50 હજાર તેનું કમિશન કાઢતો હતો. રણજીત રવીના કહેવાથી AZARBAIJAN નામથી કંપનીનો જોબ ઓફર લેટર અને ફ્લાઇટ ટિકિટ બનાવી

ઉકાઈમાં 66 દિવસમાં 274.79 મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થકી 219 કરોડની આવક

ચાલુ સિઝનમાં ડેમમાં કુલ 12,396.81 એમસીએમ પાણીની આવક, જેમાંથી કુલ 7,645.87 એમસીએમ પાણી છોડાયું

સુરતઃ હાઇડ્રો પાવર સ્ટેશન દ્વારા આ ચોમાસામાં કુલ 274.79 મિલિયન યુનિટ (MU) વીજળી ઉત્પન્ન કરવામાં આવી છે. જો આ વીજળીના મૂલ્યની ગણતરી કરીએ, તો પ્રતિ યુનિટ રૂ. 3.50ના દરે અંદાજે રૂ. 219 કરોડની આવક થઈ છે.

ઉકાઈ ડેમ અને તેનો ચોમાસા દરમિયાન પાવર જનરેશનનો આંકડો રાજ્યની વીજળીની જરૂરિયાતોને પૂરી કરવા માટે મહત્વનું ફેક્ટર બની રહ્યો છે. સુરત શહેરમાં રોજની વીજળીની જરૂરીયાત લગભગ 10-12 મિલિયન યુનિટ (MU) જેટલી હોય છે. કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન, જે સુરતની નજીક આવેલું છે, ત્યાં રોજનું વીજળી ઉત્પાદન લગભગ 20-22 મિલિયન યુનિટ (MU) થાય છે.

સુરત શહેરમાં આખા વર્ષ દરમિયાન વીજળીની કુલ જરૂરિયાત આશરે 4,000-4,500 મિલિયન યુનિટ (MU) જેટલી હોય છે. કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન દ્વારા એક વર્ષમાં લગભગ 7,500-8,000 મિલિયન યુનિટ (MU) વીજળીનું ઉત્પાદન થાય છે. ઉકાઈ ડેમમાં 2024ના ચોમાસા દરમિયાન કુલ 12,396.81 એમસીએમ પાણીની આવક, જેમાંથી કુલ 7,645.87 MCM પાણી છોડવામાં આવ્યું છે. ડેમમાં 4 ઓગસ્ટથી પાણીની આવક શરૂ થઈ હતી, એટલે કે 66 દિવસમાં હાઈડ્રો દ્વારા કુલ 274.79 મિલિયન યુનિટ (MU) વીજળી ઉત્પન્ન કરવામાં આવી છે. જેના થકી આશરે 219 કરોડની આવક થઈ છે.

કાકરાપાર પાવર સ્ટેશન સુરત શહેરની જરૂરિયાતથી ઘણું વધુ વીજળી ઉત્પાદન કરે છે અને તેના ઉત્પાદનનો ઉપયોગ રાજ્ય અને દેશના અન્ય વિસ્તારોમાં પણ થાય છે.

ઉન ભીંડીબજારના 35 વર્ષીય શ્રમજીવીનું છાતીમાં દુઃખાવા બાદ મોત

સુરતઃ ઉન પાટીયા વિસ્તારમાં ભીંડી બજાર સ્થિત ન્યુ આવાસમાં 35 વર્ષિય દિનેશ સીતારામ પૂરે કડિયાકામ કરીને પરિવારનું ભરણ-પોષણ કરતો હતો. પરિવારમાં પત્ની અને બે પુત્ર છે. સોમવારે સાંજે દિનેશને છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો અને ત્યારબાદ તે અચાનક બેભાન થઈને ઢળી પડ્યો હતો. તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

વ્યાજની ઉઘરાણી માટે ભાજપના મહિલા કોર્પોરેટર દર્શીની કોઠિયાને મળી ધમકી

પાલિકાના મહિલા કોર્પોરેટરે ધંધા માટે ત્રણ ટકાના વ્યાજે ૨૫ લાખ લીધા હતા

સુરતઃ શહેરના ભાજપના મહિલા કોર્પોરેટર દર્શીનીબેન કોઠિયાને બદનામ કરનાર સામે ફરિયાદ કરવામાં આવી છે. પુણા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના પુણાગામ સીતાનગર ઈશ્વરપાર્ક સોસાયટીમાં રહેતા સુરત મહાનગરપાલિકાના ભાજપના કોર્પોરેટર દર્શીનીબેન પ્રવિણભાઈ કોઠિયા સન ૨૦૧૭માં ટેકસટાઈલના ધંધા માટે સચીન ઓમપ્રકાશ જૈન (રહે, રામબાગ પેલેસ ઈન્ટરસિટી પાસે ડુંભાલ પરવટ પાટિયા) પાસેથી ત્રણ ટકાના વ્યાજે ૨૫ લાખ લીધા હતા. જેનું દર મહિને તેઓ ૭૫ હજાર વ્યાજ ચુકવતા હતા. તેઓ વ્યાજ ચૂકવતા હોવા છતાંયે સચીન જૈનએ તેની પાસેથી બળજબરીથી સહી કરેલો ચેક પડાવ્યો હતો. સન ૨૦૨૩ સુધી વ્યાજ ચુકવ્યા બાદ તેઓએ વ્યાજ આપવાનું બંધ કરી દીધુ હતું. જેથી સચીન જૈને પરિવાર અને કારકીર્દીને નુકસાન પહોંચાડવાની સાથે સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. આખરે ભાજપના મહિલા કોર્પોરેટર દર્શિનીબેન કોઠિયાએ આ મામલે ગઇકાલે ફરિયાદ નોંધાવતા પુણા પોલીસે વ્યાજખોર સચીન જૈન સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

નવરાત્રિના પવિત્ર દિવસોમાં વધુ એક અંગદાન, 77 વર્ષના બ્રેઈનડેડ વૃદ્ધની કિડની અને આંખોનું દાન

ચાર વ્યક્તિઓને નવજીવન મળ્યું, સુરતની ખાનગી હોસ્પિટલમાં પહેલી વખત કેડેવરીક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ

સુરતઃ નવરાત્રિના પવિત્ર દિવસોમાં સુરત શહેરમાંથી વધુ એક અંગદાનની ઘટના બની હતી. જેમાં 77 વર્ષના બ્રેઈનડેડ વૃદ્ધની કિડની અને આંખોથી ચાર વ્યક્તિઓને નવજીવન મળ્યું હતું.

જી-1, હરેક્રિષ્ના એપાર્ટમેન્ટ, પ્રેસિડેન્સી સ્કૂલની પાછળ, પ્રાઈમ આર્કેડ, અડાજણ, સુરત મુકામે રહેતા અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા ભુપેન્દ્રભાઈ છગનલાલ ગાંધી મોપેડ પર જતા હતા ત્યારે અડાજણ જય અંબે મંદિર પાસે કોઈ અજાણ્યા કારચાલકે મોપેડને ટક્કર મારતા તેમને માથામાં ગંભીર ઈજાઓ થતાં 7 ઓક્ટોબરના રોજ ભુપેન્દ્રભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા. જેની જાણકારી ડોનેટ લાઈફના સ્થાપક નિલેશ માંડલેવાલાને કરી હતી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ભુપેન્દ્રભાઈના પુત્રો તારકભાઈ અને ધરમભાઈ, પુત્રી તેજલબેન ચૈતન્ય પુરોહિત સહિત પરિવારજનોને અંગદાનનું મહત્વ અને તેની સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી. પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતા દાનમાં મેળવવામાં આવેલી બે કિડનીમાંથી એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ સુરતની રહેવાસી 61 વર્ષીય મહિલામાં કરવામાં આવ્યું જ્યારે બીજી કીડનીનું ટ્રાન્સપ્લાન્ટ થાણે, મુંબઈના રહેવાસી 24 વર્ષીય વ્યક્તિમાં વડોદરાની હોસ્પિટલમાં કરવામાં આવશે. સુરતની ખાનગી હોસ્પિટલમાં પહેલી વખત કેડેવરીક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

શિયાળા પૂર્વે ગરમી-બફારાના ધમપછાડા, તાપમાન વધીને 37.4 થતાં સુરતીઓ ત્રસ્ત

સુરતઃ શહેરમાં વરસાદના વિરામ બાદ બે દિવસથી ગરમી વર્તાઈ રહી છે. સતત બીજા દિવસે તાપમાનમાં વધારો નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચોમાસાની વિદાયની સાથે જ ગરમીમાં વધારો થયો છે. બે દિવસથી તો જાણે ઉનાળાની શરૂઆત હોય તેવી ગરમી વર્તાઈ રહી છે. હવામાન વિભાગે આગામી અઠવાડિયા સુધી ગરમી રહેવાની આગાહી કરી છે. આજે પણ શહેરમાં મહત્તમ તાપમાન આંશિક વધારા સાથે 37.4 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન આંશિક ઘટાડા સાથે 27 ડિગ્રી નોંધાયું હતું. દિવાળી પછી બિલાડી પગે ઠંડીનું આગમન થશે ત્યાં સુધી ગરમીનો કહેર રહેશે.

47 લાખના હીરા ચાઉં કરનાર ધર્મ સાંકડાસરીયા ઝડપાયો

આરોપીએ પાંચ મહિના પહેલા ઝેરી દવા ગટગટાવી હતી

સુરતઃ ઠગાઈના કેસમાં પોલીસે ધર્મને પકડી પાડયો છે.

કતારગામ અર્પણ સોસામાં રહેતા રોહન પરેશ નારોલા (ઉ.વ. 24) મહિધરપુરાની ડાયમંડ વિલેજમાં ઓફિસ રાખી હીરા દલાલી કરે છે. ગઈ એપ્રિલ મહિનામાં ભત્રીજા પાર્થ રાજેશ નારોલાએ કતારગામ નારાયણ નગરના ધર્મ અશોક સાંકડાસરિયા જાણીતો હીરા વેપારી હોવાનું જણાવી તેની સાથે ધંધો કરવા સલાહ આપી હતી. ભત્રીજાના કહેવાથી આ વેપારીએ ૧૨મી એપ્રિલથી 29મી એપ્રિલના સમયગાળા દરમિયાન ધર્મને 47.22 લાખના હીરા વેચ્યા હતા. આ હીરાને લઈને જ્યારે ઉઘરાણી કરવામાં આવી ત્યારે મામલો ઊંધો પડ્યો હતો. ધર્મ અલગ અલગ બહાને નાણાં ચૂકવવામાં અખાડા કરતો હતો. બાદમાં ધર્મ સાંકડાસરિયાએ નવમી મેએ ઉંદર મારવાની દવા ગટગટાવી આપઘાતની કોશિશ કરી હતી. પોતાના ભત્રીજાએ જ ધર્મ સાથે મળી પોતાની સાથે 47.22 લાખના હીરા ખરીદી છેતરપિંડી કરી હતી. પોલીસે આજરોજ ધર્મસન અશોક સાંકડાસરીયા (ઉ.વ.25, રહે., નારાયણ નગર સોસાયટી., સિંગણપોર)ની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

'ગુજરાતમિત્ર' તથા 'મેન ઈઝ હા' શેરી ગરબા મહોત્સવમાં

પાંચમા નોરતે રમઝટ ભાગળ ખાતેના મસીદીયા યુવક મંડળે બોલાવી

ખેલૈયાઓએ પારંપરિક ગરબાની તાલે ધૂમ મચાવી

સુરતઃ 'ગુજરાતમિત્ર' તથા 'મેન ઈઝ હા' ગ્રૂપના 28મા શેરી ગરબા મહોત્સવમાં સોમવારના પાંચમા દિવસના ગરબા મસીદીયા શેરી યુવક મંડળ દ્વારા ભાગળ ખાતે આવેલી હરીહર મહાદેવ શેરીમાં પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

જેમા બેસ્ટ ડ્રેસમાં શિલ્પાબેન ટાયસ પ્રથમ, નયનાબેન નળવાલા દ્વિતિય અને ખ્યાતીબેન જરીવાલાને ત્રીજું ઈનામ આપવામાં આવ્યું હતું. તેજ રીતે સાદા ગરબામાં બેસ્ટ એકશનમાં પિનાકીનભાઈ દવે પ્રથમ, મીનાબેન મજીઠીયા દ્વિતિય ક્રમ તથા તૃપ્તીબેન પટેલને ફાળે ત્રીજું ઈનામ ગયું હતું. દોઢીયા રમઝટમાં બેસ્ટ મેલની કેટેગરીના ઈનામ પ્રભાતભાઈ જરીવાલા, કેયુરભાઈ જરીવાલાને આપવામાં આવ્યું હતું. જયારે બેસ્ટ 30+માં પ્રથમ ક્રમે ધૃવી પટેલ, ક્રિષ્ના રાણા તથા ઈશીકા મિસ્ત્રીને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા. બેસ્ટ ચાઈલ્ડમાં જોષી દિશા, ધૃવી લીંબાચીયા, વિધી પટેલ તથા પ્રિયંકા ચૌધરીને આશ્વાસન ઈનામો અપાયા હતા. તો રંગીલો સુરતીની ત્રણ કેટેગરીમાં પ્રથમ અનન્યા દોઢીયાવાલા, દ્વિતિય વામા ચૌધરી અને તૃતિય ઈનામ પ્રિયંકા ચૌધરીને આપવામા આવ્યું હતું. કાલે શેરી ગરબા કતાર